**Navgujarat Samay**

**EDII**

**August 19, 2020**
**Pg. No.5**

# દેશમાં 'અટલ રેકિંગ'ની જાહેરાત, જીટીયુ-કૃષિ યુનિ. પાંચમા સ્થાને

**નવગુજરાત સમય** > અમદાવાદ

એમએચઆરડી મંત્રાલયના ઇનોવેશન સેલ દ્વારા સ્ટાર્ટઅપ, ઇનોવેશન અને આન્ત્રપ્રિનિયોરશિપ ઉપરાંત આઈપીઆર જેવી વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે વર્ષ ૨૦૧૯થી 'અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ઓન ઇનોવેશન એચિવમેન્ટ (એરિયા)' આપવાની શરૂઆત કરવામાં આવી હતી. ચાલુ વર્ષે ઉપ રાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ દ્વારા અટલ રેકિંગની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને આણંદની કૃષિ યુનિવર્સિટીઓને સરકારી-અનુદાનિત યુનિવર્સિટીઓની કેટેગરીમાં દેશમાં પાંચમો નંબર આવ્યો છે. અન્ય કેટેગરીમાં ગુજરાત યુનિવર્સિટી સહિત કુલ નવ સંસ્થાઓનો સમાવેશ કરાયો છે. રાજ્ય કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજોને પણ આ રેન્કિંગમાં સ્થાન મેળવ્યુ છે. દેશની સરકારી યુનિવર્સિટી, પ્રાઇવેટ યુનિવર્સિટી ઉપરાંત સરકારી કોલેજો, પ્રાઇવેટ કોલેજો અને સેન્ટ્રલ યુનિવર્સિટીઓની શ્રેણીમાં સારો દેખાવ કરનારી અને નિર્ધારિત કરેલા ધારાધોરણો પુરા કર્યા હોય તેવી સંસ્થાને રેકિંગ આપવામાં આવ્યુ છે. એરિયા દ્વારા જીટીયુને સરકારી-અનુદાનિત યુનિવર્સિટીઓમાં પાંચમુ સ્થાન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીઓમાં આંણદની કૃષિ યુનિવર્સિટીએ પાંચમુ સ્થાન મેળવ્યુ છે. સેન્ટ્રલ યુનિવર્સિટીની કેટેગરીમાં આઈઆઈટી ગાંધીનગરને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સરકારી અને સરકારી અનુદાનિત યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિવર્સિટીને પણ સાતમુ સ્થાન આપવામાં આવ્યુ છે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં વિશ્વકર્મા ઈજનેરી કોલેજને પણ સ્થાન મળ્યુ છે. પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં પારુલ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, ઈડીઆઈને સ્થાન મળ્યુ છે. સ્વનિર્ભર કોલેજોમાં સાલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, શ્રીધન્વતરી ફાર્મસી કોલેજને પણ સ્થાન આપવામાં આવ્યુ છે. એમએચઆરડી દ્વારા કુલ છ કેટેગરી જેવી કે કેન્દ્રના ફંડથી ચાલતી સંસ્થા, રાજ્યના ફંડથી ચાલતી સંસ્થા, રાજ્ય સરકારના અનુદાનિત સંસ્થા, પ્રાઇવેટ અને ડીમ્ડ યુનિવર્સિટી, પ્રાઇવેટ ઇન્સ્ટિટયુટ અને મહિલાઓ માટેની સંસ્થાઓની શ્રેણીમાં સારો દેખાવો કરનારી સંસ્થાઓને રેકિંગ આપવામાં આવ્યુ છે. જોકે, એરિયા દ્વારા સ્થાન માત્ર ટોપ પાંચની જાહેરાત કરવામાં આવી છે.

**ગુજરાત યુનિ., આઈઆઈટી-ગાંધીનગર સહિતની નવ સંસ્થાનો પણ રેકિંગમાં સમાવેશ**